This question paper consists of 31 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલા પૃષ્ઠો છે.

Roll No. | | | | | | | | | | | | |
રોલ નંબર

Code No. 42/S/A/G
કોડ નં.

# ગુજરાતી
# (207)

Day and Date of Examination
(પરીક્ષાનો વાર અને તારીખ) ____________________

Signature of Invigilators 1. ____________________
(નિરીક્ષકની સહી)
2. ____________________

સામાન્ય નિર્દેશ :

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપેપરના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપેપરને ચેક કરી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાનાં ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચેક કરી લેવું.

3 ઓબ્જેક્ટિવ પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

4 ઓબ્જેક્ટિવ પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. ઓબ્જેક્ટિવ પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.

5 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

6 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપેપરની કોડ સંખ્યા **42/S/A/G** લખવી.

# ગુજરાતી
# (207)

**સમય : 3 કલાક** **પૂર્ણાંક : 100**

**નોંધ :**

1 **બધા** પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

2 વસ્તુનિષ્ઠ પ્રશ્નો માટે એક-એક અંક નિર્ધારિત છે.

3 વસ્તુનિષ્ઠ પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

1 વ્યાયામશાળામાં કોની જય બોલાવવામાં આવે છે ? ૧

(A) ગણેશજીની (B) કાનુડાની

(C) બજરંગબલીની (D) સરસ્વતીમાતાની

2 જશોદામાતાને ફરિયાદ કરવા કોણ જાય છે ? ૧

(A) નંદરાય (B) ગોપી

(C) ગોવાળો (D) કાનુડો

3 'ચિરંજીવ' સંબોધન વપરાય : ૧

(A) નાના ભાઈ-બહેન માટે (B) પિતાજી માટે

(C) મિત્ર માટે (D) શાળાના પ્રધાનાચાર્ય માટે

4 પર્યાયી શબ્દની યોગ્ય ન હોય તેવી જોડી શોધો. ૧

(A) નીર-જળ (B) નીર-ક્ષીર

(C) વ્યોમ-આકાશ (D) નેત્ર-નેણ

5 ગાંધીજીએ કોનો આભાર માન્યો ? ૧

(A) સુપરિન્ટેન્ડેન્ટ એલેકઝેન્ડરનો (B) એસ્કમ્બેનો

(C) રૂસ્તમજીનો (D) કસ્તુરબાનો

6 'મારી વ્યાયામસાધના'ના નાયકમાં કયો દુર્ગુણ હતો ? ૧

(A) રોટલો રળવાનો (B) હાર સ્વીકારવાનો

(C) લાંબું ભાષણ આપવાનો (D) મહેનત ન કરવાનો

7 કયા પ્રકારની બૉલિંગ અઘરી ગણાય છે ? ૧

(A) ઑફસ્પિન (B) ફૂલટૉસ

(C) ગુગલી (D) લેગસ્પિન

8 'નિબંધ' લખતી વખતે જરૂરી નથી તેવી બાબત : ૧

(A) શુદ્ધ, સરળ શિષ્ટ ભાષા (B) વિષયાંતર કરવું

(C) આરંભ અને અંત અસરકારક (D) વિરામ ચિહ્નોનું ધ્યાન રાખવું

9 ''નક્કર જાણે ધાતુ શો તસતસતો'' પંક્તિમાં અલંકાર ઓળખો. ૧

(A) ઉપમા (B) રૂપક

(C) ઉત્પ્રેક્ષા (D) અનુપ્રાસ

10 ''જશોદા તારા કાનુડાને'' કાવ્યના કવિનું નામ છે. ૧

(A) નરસિંહ મહેતા (B) ઉમાશંકર જોશી

(C) ઈશ્વર પેટલીકર (D) મીરાં

11 ફકીર ________ ફેંકીને ફરે છે. ૧

(A) માયા (B) ધનધાન્ય

(C) તનમન (D) લોભલાલચ

12 હરિયો 'ઠોઠ' હતો ________ ૧

(A) ભણવામાં (B) રમવામાં

(C) બોલવામાં (D) લખવામાં

13 'વીનું માંકડ'નું મૂળ નામ શું છે ? ૧

(A) ગુણવંતરાય (B) મૂળવંતરાય

(C) રામચંદ્ર (D) મોહનદાસ

14 'અવસાન-સંદેશ' કયા પ્રકારનું કાવ્ય છે ? ૧

(A) સૉનેટ (B) હાઈકુ

(C) ઊર્મિગીત (D) પદ

15 મીરાંને સાચું સુખ ક્યાં લાગે છે ? ૧

(A) વૃંદાવનમાં (B) વ્રજમાં

(C) મથુરામાં (D) કૃષ્ણના ચરણકમળમાં

16 'તડકો' કાવ્યના કવિ : ૧

(A) નિરંજન ભગત (B) નરસિંહ મહેતા

(C) અખા (D) કલાપી

17 ________ના કારણે ગુજરાતની ધરતી ધન્ય છે. ૧

(A) સિદ્ધાર્થ (B) ગાંધી

(C) ઈસુ (D) બુદ્ધ

18 'જૂનાં પિયરઘર' કાવ્યમાં નાયિકા કયા અનુભવોનું સ્મરણ કરે છે ? ૧

(A) યૌવનના (B) બાળપણના

(C) વૃદ્ધત્વના (D) સાસરિયાના

19 'ત્રિભુવનદાસ લુહાર'નું ઉપનામ : ૧

(A) નરસૈયો (B) નર્મદ

(C) સુન્દરમ્ (D) પ્રેમાનંદ

20 ગુજરાતી ભાષામાં કોના 'છપ્પા' પ્રસિદ્ધ છે ? ૧

(A) અખા (B) પ્રેમાનંદ

(C) સુન્દરમ્ (D) નર્મદ

21 (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** પ્રશ્નોના જવાબ લખો : ૬

(i) ભાણે બેઠેલા દેવશંકરને શંકરલાલે શી સૂચના કરી ?

(ii) અખાડાના સંચાલકે લેખક વિશે શું-શું કહ્યું ?

(iii) ઉત્તરાયણના દિવસની સાથે નાયકને શું-શું યાદ આવે છે ?

(iv) 'પ્રયાગરાજ' પાઠના આધારે પાઠમાં આવતાં ધાર્મિક સ્થળ પ્રયાગરાજનું વર્ણન કરો.

(v) પતંગ ચગાવતાં આપણને શી-શી મુશ્કેલીઓ પડે છે ?

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** પ્રશ્નોના જવાબ **એક** વાક્યમાં લખો : ૩

(i) 'એક પ્રશ્ન' વાર્તાના નાયકે છાપામાં એક દિવસ શા સમાચાર વાંચ્યા ?

(ii) ચિત્રગુપ્તને નંદનંદનશેઠના કયા બે દુર્ગુણો જણાઈ આવ્યા ?

(iii) 'મારી મા'ની નાયિકાએ મા નો પરિચય કેવી રીતે કરાવ્યો ?

(iv) વ્યાયામશાળાના નાયકને એક વખત શાનું આમંત્રણ મળ્યું ?

(v) ગાંધીજીને ટોળામાંથી કોણે બચાવ્યા ?

22 (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** પ્રશ્નોના જવાબ લખો : ૬

(i) 'તડકો' કાવ્યનો મુખ્ય ભાવાર્થ સમજાવો.

(ii) 'જૂનું પિયરઘર' કાવ્ય કયા પ્રકારનું કાવ્ય છે ? કાવ્યમાં વર્ણિત દામ્પત્યભાવ કવિએ કેવી રીતે પ્રકટ કર્યો છે ?

(iii) અખાએ 'છપ્પા'માં કયાં ત્રણ દાંભિક આચરણો કહ્યાં છે ?

(iv) જશોદાનો માતૃપ્રેમ તમારા શબ્દોમાં લખો.

(v) 'કોણ' કાવ્યના આધારે પ્રકૃતિમાં ઈશ્વર કયા-કયા રૂપે વસેલો છે ? સ્પષ્ટ કરો.

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** પ્રશ્નોના જવાબ **એક** વાક્યમાં લખો : ૩

(i) ચંબેલી પતંગિયા પાસે પાંખો શા માટે માંગે છે ?

(ii) ''તને જોઈ જોઈ તોય અજાણી'' કાવ્યની પ્રિયતમા ક્યાં ઊભેલી હતી ?

(iii) વસંતનો માર્ગ કયા બે ફાંટાઓમાં વહેંચાઈ જાય છે ?

(iv) 'અવસાન-સંદેશ' કાવ્યમાં કવિ જગતનો કયો નિયમ દર્શાવે છે ?

(v) કવિ સંઘરાખોર વેપારીની સરખામણી કોની સાથે કરે છે ?

23 (ક) કોણ કોને કહે છે ? ગમે તે **ત્રણ** લખો : ૩

(i) ''ના મારે તો કુસ્તી જ કરવી છે.''

(ii) ''ત્યાં દરવાજા પાસે એક બેન ઊભા છે.''

(iii) ''તો પછી તમે કાળાબજાર કેમ કર્યા ?''

(iv) ''બિચારો ભોળો પંજાબી ! એ શું જાણે કે મારે માટે દર્શન કર્યું છે ?''

(v) ''છોકરા તારું નામ શું છે ?''

(ખ) ગમે તે **બે** કાવ્યપંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો : ૬

(i) ''ફાટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછી ફરી ન આવશે તડકા વસંતના.''

(ii) ''હરિકૃપાથી મમ લેખ ચિત્રથી, જીવતો છઉં હું દમથી.''

(iii) ''પતંગિયું ને ચંબેલી ! એક થયાં ને બની પરી !''

24 ગમે તે **બે**ના મુદ્દાસર ઉત્તર લખો : ૬

(i) 'ઈંટોના સાત રંગ' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

(ii) 'મારી મા' વાર્તાના આધારે સંતાનની પ્રગતિમાં માતાના વિશેષ સ્થાનને સ્પષ્ટ કરો.

(iii) 'કસોટી' પાઠમાં ઊપસતી અંગ્રેજોની ખાસિયતો વર્ણવો.

25 ગમે તે **એક** વિષય પર આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો : ૧૦

(i) આધુનિક વિદ્યાર્થી જીવન

(ii) શ્રમનો મહિમા

(iii) સ્વર્ણિમ ગુજરાત

(iv) વધતી મોંઘવારી

(v) ચૂંટણીમાં હારેલા ઉમેદવારની આપવીતી

26 દિલ્લીમાં આયોજિત 'રાષ્ટ્રમંડળ ખેલ'નું વિવરણ તમારા મિત્રને કરો. ૮

**અથવા**

છાત્રાવાસમાં મૂળભૂત સુવિધાઓનો અભાવ છે તેની જાણ તમારા પ્રધાનાચાર્યને કરો.

27 ગમે તે **એક**નો વિચાર-વિસ્તાર કરો : ૬

(i) સાચું સુખ જે જાતે નર્યા.

(ii) "આવ નહિ આદર નહિ, નહિ નયનમાં નેહ,
તે ઘર જાઈએ ના કદી, કંચન વરસે મેહ,"

28 નીચેનો ફકરો વાંચી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : ૫

અભ્યાસનું મહત્ત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે, પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર દૃઢ થતા નથી એ જણાયું, એટલે ગમે તે રીતે અભ્યાસ કરાવવા મથીએ છીએ, દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે : ભયથી, લાલચથી કે પ્રેમથી. ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકાય છે. એમાં અભ્યાસ કરનારની વિવેકબુદ્ધિને ખીલવવી નથી પડતી. સરકસના મૅનેજરો જનાવરોને ભયથી જ કેળવે છે. શાળામાં શિક્ષકો પણ એ જ રીત અજમાવે છે. ઘણા ધર્મગુરુઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે, પણ આ રીતે પડેલી ટેવોમાંથી જ્યારે વિશ્વાસ ઊઠી જાય, ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે.

**પ્રશ્નો :**

(i) આપણે અભ્યાસનું મહત્ત્વ શા માટે સ્વીકારીએ છીએ ?

(ii) દરેક ક્રિયા કઈ ત્રણ રીતે કરી શકાય છે ?

(iii) અભ્યાસ કરવાની કઈ રીત સરળ છે ?

(iv) ભયથી પડેલી ટેવો ક્યારે નાશ પામે છે ?

(v) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

29 એક પરીક્ષામાં કુલ 500 વિદ્યાર્થીઓ બેઠા છે. તેમાંથી 375 વિદ્યાર્થીઓ પાસ થયા અને 125 વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. **વર્તુળ આલેખ**માં વિગતનું ટકાવારી વર્ગીકરણ કરી દર્શાવો. ૩

30 સૂચના મુજબ લખો :

(ક) વિરુદ્ધાર્થી લખો : (ગમે તે **બે**) ૨

અગવડ, સંધ્યા, જન્મ, દયાળુ.

(ખ) સમાનાર્થી લખો : (ગમે તે **બે**) ૨

રાષ્ટ્ર, પ્રણામ, પર્વત, યુદ્ધ

(ગ) સંધિ જોડો : (ગમે તે **બે**) ૨

પ્રતિ+ઉત્તર, શિષ્ટ+આચાર, અનાથ+આલય, સૂર્ય+ઉદય

(ઘ) રૂઢિપ્રયોગોનો અર્થ લખો : (ગમે તે **બે**) ૨

કાલાવાલા કરવા, જીવ બળવો, પરસેવો પાડવો, નાક વિનાનું

(ઙ) શબ્દસમૂહ માટે **એક** શબ્દ લખો : (ગમે તે **બે**) ૨

ઈશ્વરમાં આસ્થા રાખે તે,

ભાન વિનાનું,

જોવાલાયક સ્થળો,

જે જોઈ ન શકે તે.

31 નીચેના મુદ્દા ધ્યાનપૂર્વક વાંચી તે પરથી વાર્તા લખો : ૫

એક રાજા — નગરચર્યા જોવા માટે નીકળવું — રસ્તા વચ્ચે પથ્થર — રાજાએ પથ્થર નીચે એક ચિઠ્ઠી અને એક સોનામહોર મૂકવી — ખેડૂતનું પસાર થવું — અથડાવું — ચાલ્યા જવું — ઘોડાગાડીવાળાનું પસાર થવું — અથડાવું — બબડાટ કરી ચાલ્યા જવું — દૂધવાળીનું અથડાવું — બબડાટ કરી ચાલ્યા જવું — એક વિદ્યાર્થીનું પસાર થવું — પથ્થર ખસેડવો — ચિઠ્ઠી અને સોનામહોર — ચિઠ્ઠી વાંચવી ''પથ્થર ખસેડવાનું ઇનામ'' — બોધ.